**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

**(ક) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(૧) સાચું બોલે છતાં કયું પાપ લાગે ?

જવાબ : **(૧) પૈશુન્ય**

(૨) શ્રાવકના વ્રતના અતિચાર કેટલા ? તેમાંથી જ્ઞાનના, દર્શનના, ચારિત્રના અને તપના કેટલા ? તે અતિચાર આદરવા યોગ્ય છે ?

**જ. (૨) શ્રાવકના ૧૨ વ્રતના અતિચાર ૯૯ છે. જ્ઞાનના ૧૪, દર્શનના ૫, ચારિત્રના ૭૫ અને તપના ૫. તે ૯૯ અતિચારોને જાણીને માત્ર છોડવા યોગ્ય છે, પણ આદરવા યોગ્ય નથી.**

(૩) એકેન્દ્રિય ને અણસમજણ હોવાથી કયું મિથ્યાત્વ લાગે ?

**જ. (૩) અણાભોગ મિથ્યાત્વ, અધર્મને ધર્મ છે તે મિથ્યાત્વ.**

(૪) દેવો અને નારકીના જીવો ગર્ભજ છે કે સંમુર્ચ્છિમ ?

**જ. (૪) દેવો ઉપપાત શય્યામાં અને નારકી કુંભીમાં જન્મે છે તેથી તેઓને ગર્ભજ કે સંમૂર્ચ્છિમ ન કહેતા ઉપપાતિક (ઔપપાતિક) જીવો છે.**

(૫) અરિહંત, સિધ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ ભવ્ય જીવો માટે કેવો છે ?

**જ. (૫) કેવલી પ્રરૂપિત ધર્મ એ મંગલકારી અને કલ્યાણકારી છે, ઉત્તમ અને સર્વોત્તમ છે. શરણદાતા અને સુખદાતા છે.**

(૬) ૧૮,૨૪,૧૨૦ (અઢાર લાખ ચોવીસ હજાર એકસો વીસ) પ્રકારે દોષ લાગે છે તે કયા કયા ?

| જ. (૬)હિંસા આદિ દોષ | કેટલા પ્રકારે | માટે થયા |
|---|---|---|
| ૧) સંસારી જીવના ભેદ | ૫૬૩ | ૫૬૩ |
| ૨) તેની હિંસા અભિહયાથી એ દશ પ્રકારે થાય | ૫૩૨ × ૧૦ | ૫૬૩૦ |
| ૩) એ હિંસા, રાગ કે દ્વેષથી થાય | ૫૬૩૦ × ૨ | ૧૧,૨૬૦ |
| ૪) મન, વચન, કાયા એ ૩ યોગથી થાય | ૧૧,૨૮૦ × ૩ | ૩૩,૭૮૦ |
| ૫) કરવું, કરાવવું, અનુમોદવું ૩ કરણથી થાય | ૩૩,૭૮૦ × ૩ | ૧,૦૧,૩૪૦ |
| ૬) ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનમાં થાય | ૧,૦૧,૩૪૦ × ૩ | ૩,૦૪,૦૨૦ |
| ૭) અરિહંત,સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી તથા પોતાના આત્માની સાક્ષીએ મિચ્છામી કુક્કડં | ૩,૦૪,૦૨૦ × ૬ | ૧૮,૨૪,૧૨૦ |

**(ખ)જોડકા જોડો :**

જવાબ સાથે

| | | |
|---|---|---|
| (૧) પૃથ્વીકાયની વિરાધના | a) ૮ | ⇨ **જવાબ :** f) ૫ સંસટઠહડાએ |
| (૨) ત્રીજું શ્રમણ સૂત્ર | b) ૧૨ | ⇨ **જવાબ :** e) કાલપ્રતિલેખના |
| (૩) પરમાધામી | c) ૧૫ | ⇨ **જવાબ :** c) ૧૫ |
| (૪) પાંચમું શ્રમણ સૂત્ર | d) નિર્ગ્રંથ પ્રવચન | ⇨ **જવાબ :** d) નિર્ગ્રંથ પ્રવચન |
| (૫) અરિહંતના ગુણ | e) કાલપ્રતિલેખના | ⇨ **જવાબ :** b) ૧૨ |
| (૬) મદ | f) ૨૫ સંસટઠહડાએ | ⇨ **જવાબ :** a) ૮ |

**(ગ)નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ ? અશુદ્ધ હોય તે સુધારીને લખો :**

(૧) પચેન્દ્રિય ૨) પાયપુછણેણં, ૩) પડિપુન્નં, ૪) પડિલ્લાભેમાણે

**જ. (૧) અશુદ્ધ પંચેન્દ્રિય(૨) અશુદ્ધ પાયપુચ્છણેણં (૩) શુદ્ધ પડિપુન્નં, (૪) અશુદ્ધ પડિલાભેમાણે.**

---

**પ્ર. : ૨. (ક) પાંચ જ્ઞાનના થોક્ડા દ્વારા જવાબ આપો :**

(૧) પરંપર સિદ્ધ કેવળજ્ઞાન કોને કહે છે ? તેના ભેદ કયા કયા ?

**જ. (૧) જેમને સિદ્ધ થયાને એક સમયથી અધિક સમય થયો હોય તેમના કેવળજ્ઞાનને પરંપર સિદ્ધ કેવળજ્ઞાન કહે છે. તેના અનેક ભેદ છે, જેમ કે (૧) દ્વિ સમય સિદ્ધ (૨) ત્રિ સમય સિદ્ધ (૩) સંખ્યાત સમય સિદ્ધ (૪) અસંખ્યાત સમય સિદ્ધ (૫) અનંત સમય સિદ્ધ.**

(૨) મનઃ પર્યવજ્ઞાનની વ્યાખ્યા લખો. કેટલા પ્રકાર, કયા કયા ?

**જ. (૨) મનઃ પર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અઢી દ્વિપમાં રહલા સંજ્ઞી જીવોના વ્યક્તિમનના પરિચિંતિત ભાવોને જાણે તે જ્ઞાન મનઃપર્યવ જ્ઞાન છે તે બે પ્રકાર છે : (૧) ઋજુમતિ મનઃ પર્યવવાન (૨) વિપુલમતિ મનઃ પર્યવજ્ઞાન**

(૩) અપ્રતિપાતી અવધિજ્ઞાન કોને કહે છે ?

**જ. (૩) જે ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન જાય નહિ, સંપૂર્ણ ભવ સુધી રહે તેને અપ્રતિપાતી અવધિજ્ઞાન કહે છે.**

(૪) ભવનપતિ અને પાંચ અનુત્તર વિમાનના દેવનું અવધિજ્ઞાનનું સંસ્થાન લખો.

**જ. (૪) પાંચ અનુત્તર વિમાનના દેવને જવનાલિકા કન્યાની કંચુકીને આકારે છે.**
**ભવનપતિનું અવધિજ્ઞાન પાલાના આકારે છે.**

(૫) વ્યંજનાવગ્રહનું સરાવલાનું દ્રષ્ટાંત સમજાવો.

**જ. (૫) પાઠાવલીમાં છે.**

(૬) શ્રુતજ્ઞાનના ભેદ કેટલા ? એમાંથી કોઈ પણ ચાર લખો.

**જ. (૬) શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ છે, તે આ પ્રમાણે છે.**
**૧) અક્ષર શ્રુત ૨) અનક્ષર શ્રુત ૩) સંજ્ઞી શ્રુત ૪) અસંજ્ઞી શ્રુત ૫) સમ્યક્ શ્રુત**
**૬) મિથ્યા શ્રુત ૭) આદિ શ્રુત ૮) અનાદિ શ્રુત ૯) સપર્યવસિત શ્રુત**
**૧૦) અપર્યવસિત શ્રુત ૧૧) ગમિક શ્રુત ૧૨) અગમિક શ્રુત**
**૧૩) અંગ પ્રવિષ્ટ શ્રુત ૧૪) અનંગ પ્રવિષ્ટ શ્રુત**

(૭) ધારણા એટલે શું ?

**જ. (૭) ધારણા - અવાયથી નિર્ણય કરેલ અર્થને હૃદયમાં ધારી રાખવો. યોગ્ય નિમિત્ત મળવાથી એ નિશ્ચિત વિષયનું સ્મરણ થઈ આવે તે ધારણા છે. જેમ કે કેટલાક સમય પહેલાં ભાઈનો અવાજ સાંભળ્યો તો તે આ પ્રકારે હતો. આ મતિજ્ઞાનના ધારણાના દ્રઢ સંસ્કારથી કોઈ જીવને જાતિસ્મરણ જ્ઞાન પણ ઉત્પન્ન થઈ શકે છે.**

(૮) નીચેનાના અવધિજ્ઞાનનો જ. ઉ. વિષય લખો. વાલુપ્રભાના નારકી, સંજ્ઞી હાથી, બ્રહ્મલોકના દેવ, હેમવયના મનુષ્ય.

**જ. (૮) અવધિજ્ઞાનનો ........... વાલુકાપ્રભા - જઘ. ૨॥ (અઢી) ગાઉ ઉત્કૃષ્ટ ૩ ગાઉ**
**હેમવયના મનુ અવધિજ્ઞાન ન હોય**
**નારકી અવધિજ્ઞાન - ત્રાપાના આધારે છે.**
**સંજ્ઞી હાથી જવ-આંગુલનો અસંભાગ, ઉ - અસંખ્યાતા દ્વીપ સમુદ્ર**
**બ્રહ્મલોકના દેવ જઘ-આંગુલનો અસંભાગ, ઉ - ત્રીજી નરકનો નીચેનો ચરમાંત**

**(ખ) ખાલી જગ્યા પૂરો : જવાબ સાથે છે.......**

**જવાબ સાથે** (૧) જે જ્ઞાન આત્માથી પ્રત્યક્ષ થાય છે તે જ્ઞાન **નોઈન્દ્રિય** પ્રત્યક્ષ છે તે **વાસ્તવિક** પ્રત્યક્ષ છે.
(૨) જેમાં અક્ષરનો ઉચ્ચાર નથી તે શ્રુત **અનક્ષર** છે.
(૩) જે શ્રુતને આદિ છે તે **આદિ શ્રુત** છે.
(૪) ભવના પ્રભાવે ઉત્પન્ન થતું અવધિજ્ઞાન **ભવ પ્રત્યયિક** કહેવાય છે.
(૫) વિપૂલમતિ ઋજુમતિથી અધિક, સ્પષ્ટ, **વિપુલ** જાણે દેખે.
(૬) જે આઠ કર્મ ક્ષય કરી મોક્ષ ગયા તેમનું કેવળજ્ઞાન તે **સિદ્ધ કેવળજ્ઞાન**
(૭) કેવળજ્ઞાન આવરણ રહિત **વિશુદ્ધ, લોકાલોક પ્રકાશક** એક જ પ્રકારે સર્વ કેવળીને હોય.
(૮) મનઃ પર્યવજ્ઞાન ચારિત્રવાન **અપ્રમત્ત સંયમીને** જ ઉત્પન્ન થાય છે.

**(ગ) સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તે સુધારીને લખો. (કોઈ પણ પાંચ)**

**જવાબ સાથે** (૧) ઋજુમતિ તે સામાન્યપણે જાણે દેખે. **.... જવાબ : હા.**
(૨) સયોગીના અંતિમ સમયનું કેવળજ્ઞાન એટલે અચરમ સમય સંયોગી ભવસ્થ. **.... જવાબ : ના**
(૩) દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વ રૂપી, અરૂપી ક્ષેત્ર જાણે, દેખે. **.... જવાબ : ના**
(૪) નારકીનું અવધિજ્ઞાન ત્રાપાના આકારે છે. **.... જવાબ : હા.**
(૫) જે ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન જાય નહીં, સંપૂર્ણ ભવ સુધી રહે તેને અપ્રતિપાતી અવધિજ્ઞાન કહેવાય. **.... જવાબ : હા.**
(૬) જે શ્રુત અંત સહિત છે, તે સપર્યવસિત (સાંત) છે. **.... જવાબ : હા.**
(૭) જે સમકિતી જીવ ક્ષયોપશમ ભાવથી પુદ્ગલના શબ્દ વગેરેને ગ્રહણ કરે તે દ્રષ્ટિવાદોપદેશથી સંજ્ઞી શ્રુત છે. **.... જવાબ : હા.**

**(ઘ) કોઈ પણ બે પ્રશ્નોના જવાબ લખો :**

(૧) અશ્રુત નિશ્રિત અને શ્રુત નિશ્રિત તફાવત સ્પષ્ટ કરો.

**જ. (૧)**

| શ્રુત નિશ્રિત | અશ્રુત નિશ્રિત |
| --- | --- |
| ૧) સાંભળવું, જોવું વગેરે રૂપે મતિ વિસ્તરે | ન સાંભળેલું, ન જોયેલું તેમાં મતિ વિસ્તરે. |
| ૨) ઈન્દ્રિય અને મનને આધારે ઉત્પન થાય. | ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થાય. |
| ૩) જેમાં શીખેલા શ્રુતજ્ઞાનનો પ્રભાવ કામ આવે છે | * જેમાં વિનય, કાર્ય, અભ્યાસ વગેરે કામ આવે |
| ૪) બીજું નામ મતિ છે. | બીજું નામ બુદ્ધિ છે. |

(૨) ઈહા, અવાય સમજાવો. એમાં ભેદ કેટલા ? માત્ર સંખ્યા લખો.

**જ. (૨) ઈહા :** અવગ્રહથી ગ્રહણ કરેલ વિષયની વિચારણા તે ઈહા. નિર્ણય થાય નહીં કે મને કોણ બોલાવે છે. સંશયની વિચારણા કે તે મિત્ર હશે કે ભાઈ ? પછી તે અવાય મતિજ્ઞાનમાં પ્રવેશ કરે. **અવાય :** નિર્ણય કરવો મને ભાઈએ જ બોલાવ્યો છે, મિત્રએ નથી. પછી ધારણા મતિજ્ઞાનમાં પ્રવેશ કરે.

(૩) શ્રુતજ્ઞાનના ભેદમાંથી સંજ્ઞી હેતુપદેશ શ્રુત તથા સંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ સમજાવો

**જ. (૩) સંજ્ઞી હેતુપદેશ શ્રુત :** જે જીવોમાં ઇચ્છાપૂર્વક ગમતી પ્રવૃત્તિ કરવાની અને અણગમતી પ્રવૃત્તિ ન કરવાની શક્તિ છે. તે જીવોનું શ્રુત તે હેતુપદેશથી સંજ્ઞી શ્રુત છે. આ જ્ઞાનમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય બધા ત્રસ જીવોનો સમાવેશ થાય છે. **સંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ :** જે સમકિતી જીવ ક્ષયોપશમ ભાવથી પુદ્ગલના શબ્દ વગેરેને ગ્રહણ કરે તે દૃષ્ટિવાદોપદેશથી સંજ્ઞી શ્રુત છે.

(૪) વર્ધમાન અવધિજ્ઞાન સમજાવો.

**જ. (૪)** વર્ધમાન અવધિજ્ઞાન : જે પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી તથા વિશુદ્ધ ચારિત્રના પરિણામે કરી, સર્વ પ્રકારે અવધિજ્ઞાનની વૃદ્ધિ થાય, તેને વર્ધમાન અવધિજ્ઞાન કહે છે. જે અવધિજ્ઞાન પૂર્વે અલ્પ વિષયવાળું હોય અને પરિણામની વિશુદ્ધિની સાથે પ્રશસ્ત અવ્યવસાયથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના વિષયોની મર્યાદામાં વધારો થાય, તે વર્ધમાન અવધિજ્ઞાન.

---

પ્ર. : **૩. કષાયના થોકડાને આધારે જવાબ લખો :**

(૧) ક્રોધ કષાય કેટલાં સ્થાન પર પ્રતિષ્ઠિત છે ? કયા કયા ?

**જ. (૧)** ક્રોધ કષાય ચારે સ્થાન પર પ્રતિષ્ઠિત (આધારિત) છે.

૧) આત્મ પતિષ્ઠિત - પોતાને માટે, પોતાને પોતાના પર ક્રોધ આવે તે.
ઉદા. પોતાનાથી થયેલ ભૂલને કારણે પોતાના ગાલ પર મારે, માથું પછાડે વગેરે.
૨) પર પ્રતિષ્ઠિત - બીજાને માટે, બીજા કોઈના કારણે ક્રોધ આવે તે.
૩) તદ્ભાવ પ્રતિષ્ઠિત - બંને માટે. જે ક્રોધ સ્વયં અને બીજા બંને પર થાય.
૪) પ્રતિષ્ઠિત - વિના કારણે માત્ર મોહનીય કર્મના ઉદયથી ક્રોધ થાય તે.

(૨) માનના ભેદ સમજાવો.

**જ. (૨)** માનના ચાર ભેદ છે :

૧) આભોગ - માનનું કારણ અને તેના ફળને જાણીને માન કરવું.
૨) અણાભોગ-ભાન ભૂલી જવાથી અણધાર્યો ઉત્પન્ન થયેલો કષાય. માનના ગુણદોષ જાણ્યા વિના પરવશતાથી માન કરવું.
૩) ઉપશાંત-જે માન ઉદય પ્રાપ્ત ન થાય તે અંદરમાં માન હોય, પણ ઉપરથી શાંત દેખાતા હોય. અથવા માનના અભાવમાં જીવ જ્યારે અન્ય ત્રણ કષાયમાં હોય.
૪) અણુપશાંત - જે માન ઉદય અવસ્થાને પ્રાપ્ત થાય તે.

(૩) ચણીયા અને ઉપચણીયા સમજાવો.

**જ. (૩)** ૧)ચણીયા-કષાયક્ત આત્મા કર્મ પુદ્ગલને ગ્રહણ કરે તે, ઉદા. છાણાં એકઠાં કરવાં.
૨) ઉપચણીયા - ગ્રહણ કરેલ કર્મ પુદ્ગલનો નિષેક કરવો. આત્મપ્રદેશ પર વ્યવસ્થિત ગોઠવવાં. ઉદા. એકઠાં કરેલાં છાણાંને વ્યવસ્થિત ગોઠવવાં.

(૪) કષાયના કુલ ભાંગા કેટલા ?

**જ. (૪)** કષાયના કુલ ભાંગા ૩૪૦૦ થાય. ક્રોધ, માન, માયા, લોભ.
૮૫૦ + ૮૫૦ + ૮૫૦ + ૮૫૦ = ૩૪૦૦.

(૫) માનની ઉત્પત્તિના કારણ કેટલા છે ? કયા કયા ?

**જ. (૫) માનની ઉત્પત્તિના ચાર કારણ છે.**
**ખેત - ક્ષેત્ર તે ખેતર વગેરે ખુલ્લી જમીન માટે.**
**વત્થુ - તે ઢાંકેલી જમીન, મકાન વગેરે.**
**શરીર - શરીરને કારણે ઉપજે.**
**ઉપધિ - ઉપપરની ત્રણ સિવયની બાકીની બધી સાધન સામગ્રી માટે.**

---

પ્ર. : **૪. ધ્યાનના થોકડા પરથી જવાબ લખો :**

(૧) આર્તધ્યાનના ચાર પાયા લખો.

**જ. (૧) આર્તધ્યાનના ચાર પાયા આ પ્રમાણે છે :**
**૧) મનોજ્ઞ વસ્તુની અભિલાષા કરવી.**
**૨) અમનોજ્ઞ વસ્તુને દૂર કરવાની અભિલાષા કરવી.**
**૩) રોગ વગેરે અનિષ્ટોનો વિયોગ ચિંતવવો.**
**૪) ભોગોમાં આસક્ત બની તેનો વિયોગ ન થાય તેમ ચિંતવવું.**

(૨) રૌદ્રધ્યાનના ચાર લક્ષણ લખો.

**જ. (૨) રૌદ્રધ્યાનનાં ચાર લક્ષણ નીચે પ્રમાણે છે :**
**૧) ઉસન્ન દોષ : હિંસા વગેરે કોઈ એક પાપમાં પ્રવૃત્ત રહેવું.**
**૨) બહુ દોષ : હિંસા વગેરે અનેક પાપમાં પ્રવૃત્ત રહેવું.**
**૩) અજ્ઞાન દોષઃ મિથ્યા શાસ્ત્રોના સંસ્કારથી હિંસા વગેરે. ધર્મ-વિમુખ કાર્યોમાં પ્રવૃત્ત રહેવું.**
**૪) આમરણાંત દોષનું મરણપથારી સુધી પણ પશ્ચાત્તાપ ન કરવો. આખી જિંદગી સુધી દ્વેષ રાખવો.**

(૩) ધર્મધ્યાનની અનુપ્રેક્ષા લખો.

**જ. (૩) ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા નીચે પ્રમાણે છે :**
**૧) એગચ્ચાણુ પેહા - જીવ એકલો આવ્યો છે અને એકલો જશે તેનો વિચાર ચિંતવવો.**
**૨) અણિચ્ચાણું પેહા - સંસારની અનિત્યતાનો વિચાર ચિંતવવો.**
**૩) અસરણાણુ પ્પોહા - સંસારમાં કોઈ કોઈનું શરણ નથી તેનો વિચાર ચિંતવવો.**
**૪) સંસારાણુપ્પેહા - સંસારની સ્થિતિ દશાનો વિચાર ચિંતવવો.**

(૪) 'ધ્યાન' કોને કહેવાય ?

**જ. (૪) કોઈ પણ એક જ વિષય પર મનની એકાગ્રતા કરવી તેને 'ધ્યાન' કહે છે.**

(૫) શુકલધ્યાનની અનુપ્રેક્ષા લખો. કેટલી છે, કઈ કઈ ? એમાંથી ચોથી અનુપ્રેક્ષા સમજાવો.

**જ. (૫) શુકલધ્યાનની અનુપ્રેક્ષા નીચે પ્રમાણે છે :**
**૧) અપાયાનુપ્રેક્ષા : આત્મા દ્વારા કરાયેલ રાગદ્વેષ રૂપ કર્મોને કારણે આ જીવે અનંતવાર સંસાર પરિભ્રમણ કર્યું છે એમ વિચારવું.**
**૨) અશુભાનુપ્રેક્ષા : સંસાર, દેહ અને ભોગોની અશુભતાનો વિચાર કરવો.**
**૩) અનંતવૃત્તિતાનુપ્રેક્ષા : અનંત સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ શુભ અશુભ કર્મ છે એમ વિચારવું.**
**૪) વિપરિણામાનુપ્રેક્ષા : વસ્તુઓમાં વિવિધ પરણિામોનો વિચાર કરવો. શુભ પુદ્‌ગલ અશુભરૂપે પરિણમે છે તેમ વિચારવું. આવા વિચારોમાં તન્મય થઈ જવાય તે શુકલધ્યાન.**

**જ.** (૬) ચારે ધ્યાન **જ્ઞેય** છે. પ્રથમ બે ધ્યાન **હેય** છે. અંતિમ બે ધ્યાન **ઉપાદેય** છે.
**પ્રથમ બે** ધ્યાન અશુભ છે. **અંતિમ બે** ધ્યાન શુભ છે.

---

પ્ર. : **૫. સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો :**

(૧) અચેત પાણીના નામ કયા સૂત્રમાં છે ?

**જ. (૧) અચેત પાણીના નામ આચારાંગ સૂત્ર, બીજો શ્રુતસ્કંધ, અધ્યયન -૧, ઉદ્દેશો ૭/૮માં તેનાં નામ આપેલ છે.**

(૨) પરઠતાં પહેલાં, પછી અને પરઠતી વખતે શું બોલવું ?

**જ. (૨) પરઠતાં પહેલાં શકેન્દ્ર મહારાજની આજ્ઞા લેવા 'અણુજાણહ' (શકેન્દ્ર મહારાજની આજ્ઞા) ત્રણ વખત કહેવું. પરઠતી વખતે ત્રણ વખત 'વોસિરામિ' બોલવું. પરઠ્યા પછી ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે ત્રણ વખત 'નિસ્સીહિ' બોલવું.**

(૩) નિન્હવ કોને કહેવાય ?

**જ. (૩) વીતરાગની વાણીથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા કરે તેને નિન્હવ કહેવાય.**

(૪) પચ્ચક્ખાણ એટલે શું ?

જ. (૪) ૧) આત્માને મોક્ષમાર્ગે સ્થાપે, ૨) ઝીણવટથી જિનદર્શનની દયાને સમજાવે છે, ૩) પાપભીરુ આત્માને આચારરૂપી પાંખ આપે. ૪) સમ્યગદર્શનને પુષ્ટ કરાવે. ૫) હૈયાને કોમળ બનાવે. ૬) 'જતના એ ધર્મ' સમજાવે. ૭) ધર્મક્રિયાના સારભૂત તત્ત્વને સમજાવે તેવી ક્રિયા તે પચ્ચક્ખાણ છે.

(૫) કયા કર્મના ઉદયને કારણે કડવા શબ્દો સાંભળવા મળે છે ?

જ. (૫) અશાતા વેદનીય કર્મના ઉદયને કારણે કડવા શબ્દ સાંભળવા મળે છે.

(૬) સમભાવે ભોજન ખાવાથી કયા તપનો લાભ મળે છે ?

જ. (૬) અણગમતાં ભોજન સમભાવે ખાવાં એ રસપરિત્યાગ તપ છે તેથી નિર્જરા થાય છે.

(૭) ક્ષમા રાખવાથી કયા તત્ત્વનો લાભ મળે છે ?

જ. (૭) ક્ષમા રાખવાથી સંવરનો લાભ મળે છે.

(૮) પચ્ચક્ખાણની વાત કયા સૂત્રમાં છે ? કયું શ્રુતસ્કંધ, કયું અધ્યયન છે ?

જ. (૮) પચ્ચક્ખાણની વાત સૂયગડાંગ સૂત્ર - શ્રુતસ્કંધ - ૨, અધ્યયન - ૪માં છે.

---

પ્ર. : **૬. વાર્તાના આધારે જવાબ લખો :**

(૧) શકડાલ પુત્રના નગરનું, રાજાનું, ઉદ્યાનનું તથા તેમનાં પત્નીનું નામ કહો.તેમની પાસે કેટલી કર્મશાળા હતી ?

જ. (૧) શકડાલ પુત્રના નગરનું નામ પોલાસપૂર. રાજાનું નામ જિતશત્રુ. ઉદ્યાનનું નામ સહસ્રામ્રવન. પત્નીનું નામ અગ્નિમિત્રા હતું તેમની પાંચસો કર્મશાળા હતી.

(૨) મહા ગોપ કોણ છે ? કેવી રીતે ?

જ. (૨) શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે. આ સંસારરૂપી ભયાનક વનમાં અનેક જીવો સન્માર્ગથી ભ્રષ્ટ થઈ રહ્યા છે. પ્રતિક્ષણ મરણને પ્રાપ્ત થઈ રહ્યા છ, ખવાય છે, છેદાય છે, ભેદાય છે, વિકલાંગ કરાય છે, તેનું ધર્મરૂપી દંડથી રક્ષણ કરી, તેને મદદ કરી, મોક્ષરૂપ વાડામાં પહોંચાડે માટે ભગવાન મહાવીરને મહાગોપ કહેવાય છે.

(૩) સોમા સાધ્વી દીક્ષા લઈને શું કરશે ?

જ. (૩) સોમા સાધ્વી દીક્ષા લઈને અગિયાર અંગ સૂત્રનો અભ્યાસ કરશે. ઘણાં ઉપવાસ,છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ વગેરે તપથી પોતાના આત્માને ભાવિત કરશે. ઘણાં વર્ષની દીક્ષા પાળીને અંતેએક મહિનાનો સંથારો કરી આત્માને શુદ્ધ કરી આલોચના, પ્રતિક્રમણપૂર્વક સમાધિભાવે કાળ કરી શકેન્દ્ર મહારાજને ત્યાં સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થશે.

(૪) સુભદ્રાની નગરી, ચૈત્ય, પતિ તથા ગુરુનું નામ લખો.

જ. (૪) સુભદ્રાની વારાણસી નામની નગરીમાં, આમ્રશાલ વન ચૈત્ય. ભદ્ર નામે સાર્થવાહ તેનો પતિ તથા સુવ્રતા સાધ્વી તેના ગુરુણી હતાં.

---

પ્ર. : **૭. કાવ્ય પૂર્તિ કરો – કોઈ પણ પાંચ :**

(૧) મોટા તે .................... ટાળ રે પ્રાણી .............

જ. (૧) મોટા તે પંચ મહાવ્રત પાળે, છ કાયના પ્રતિપાળ રે પ્રાણી
ભ્રમર ભિક્ષા મુનિ સૂઝતી લેવે, દોષ બેંતાલીસ ટાળે રે ...પ્રાણી...
સિદ્ધિ સંપદા મુનિ કારમી જાણી, દીધી સાંસરને પૂંઠ રે પ્રાણી...
એ રે પુરુષોની બંદગી કરતા, આઠે કરમ જાય તૂટ કે પ્રાણી...

(૨) માન ને કહેજો .............. જાવું નથી ............

જ. (૨) માન ને કહેજો આવે રણમેદાન, નમ્ર બનીને ખેલું હું, સંગ્રામ,
મને જે મળ્યું, મારું નથી, બીજા થકી સારું નથી,
પણ અભિમાની મારે થાવું નથી, અને દુર્ગતિમાં હવે જાવું નથી...

(૩) સંયમના .................... અધ્ધર છે .............

જ. (૩) સંયમના, ભાવનો, પ્રભાવ જબ્બર છે,
સંયમના સંકલ્પે, તારું સ્થાન ત્યાં અદ્ધર છે.

(૪) ભગવંત .................... બલવાન હો .............

જ. (૪) ભગવંત તેરી આરાધના, મેરી જિંદગી કી શાન હો
મુઝે એક યહી વરદાન હો, મેરી આત્મા બલવાન હો.

**॥ જય જિનેન્દ્ર ॥**